NAVSARI AGRICULTURAL UNIVERSITY

**કાર્યપાલક ઇજનેરશ્રીની કચેરી,**
**નવસારી કૃષિ યુનિવર્સિટી**
**નવસારી–૩૯૬૪૫૦**

**વંચાણમાં :** (૧) અત્રેની કચેરીની નિવિદા નં. ૦૨/૨૦૨૫-૨૬ (Civil) T. ID No-213555
(૨) Yonesh B. Mangroliya, Surat ને વર્કઓર્ડર જા.નં.નકૃયુ/કાઇ/બી-૩/ ARC/3259-65/2025 Dt.03.11.2025 થી સોંપેલ એ.આર.સી. કામગીરી.
(૩) ઉપરોકત એજન્સીને એ.આર.સી.કામગીરીમાંથી છુટી કરવા અંગેના પત્ર જા.નં.નકૃયુ/કાઇ/બી-૩/ ARC/2903-2910/2025 Dt.06.07.2026.

## :: પરિપત્ર ::

**વિષય : સીવીલ કામગીરી માટે કરવામાં આવેલ વાર્ષિક ભાવ કરાર (Annual Rate Contract) રદ કરવા બાબત.**

યુનિવર્સિટીના તમામ યુનિટ/સબ યુનિટના વડાશ્રીઓને જણાવવાનું કે, યુનિવર્સિટીના કાર્યક્ષેત્ર હેઠળના તમામ જિલ્લાઓની કચેરીઓમાં **Rs. 20.00** લાખ સુધીના મરામત તથા નવા સિવિલ વર્કની કામગીરીઓ કરાવવા માટે વંચાણે લીધેલ ક્રમ નં. ૧ મુજબ મંગાવવામાં આવેલ ભાવોના અનુસંધાને, યુનિવર્સિટી કાર્યક્ષેત્રના જિલ્લા-વાર સૌથી નીચા પ્રાપ્ત થયેલ ભાવોને સક્ષમ કક્ષાની મંજૂરી મેળવી સૌથી નીચા ભાવો ભરનાર એજન્સી **Yonesh B. Mangroliya, 30, Krushnakunj Society, Opp. Varacha Bank, Punagam, Yogichowk, Surat-395010** સાથે જરૂરી કરાર **(Agreement)** કરી તેમના ભાવો આગામી **Dt. 31/03/2027** સુધી મંજુર કરવામાં આવેલ હતા. આ અનુસંધાને અત્રેની કચેરી તેમજ યુનિવર્સિટીના વિવિધ વિભાગો દ્વારા ઉપરોક્ત એજન્સીને જુદી જુદી કામગીરીઓના વર્ક ઓર્ડર આપવામાં આવ્યા હતા, જેમાંથી કેટલીક કામગીરીઓ પૂર્ણ કરવામાં આવેલ છે તથા કેટલીક કામગીરીઓ હાલમાં પ્રગતિ હેઠળ છે.

ઠેકેદારની રજુઆત મુજબ તાજેતરમાં બાંધકામ સામગ્રીના ભાવોમાં થયેલા વધારા તેમજ મજૂરોની અછતના કારણે નવી કામગીરીઓ સમયમર્યાદામાં પૂર્ણ કરવી શક્ય નથી. તેથી તેઓને આ કરારની કામગીરીમાંથી મુક્ત કરવા વિનંતી કરવામાં આવેલ હતી. આ રજૂઆત અંગે સક્ષમ કક્ષાએ લેવાયેલ નિર્ણય અનુસાર, ઠેકેદારે કરારની શરતો મુજબ કામગીરી પૂર્ણ કરવામાં અસમર્થતા દર્શાવેલ હોવાથી તેમની ટેન્ડર ડિપોઝિટ તરીકે અત્રેની કચેરી ખાતે જમા રાખેલ **Rs. 2,00,000.00** (અંકે રૂપિયા : બે લાખ પુરા)ની રકમ જપ્ત **(Forfeit)** કરી યુનિવર્સિટી ખાતે જમા રાખવામાં આવેલ છે તથા વંચાણે લીધેલ ક્રમ નં. ૩ના પત્રની તારીખથી આ એજન્સીને આગામી **બે (02)** વર્ષ સુધી યુનિવર્સિટી દ્વારા બહાર પાડવામાં આવનાર **Annual Rate Contract (Civil)** સંબંધિત તમામ ટેન્ડરોમાં ભાગ લેવા માટે **અયોગ્ય (Debarred)/પ્રતિબંધિત (Blacklisted)** જાહેર કરી છુટા કરવામાં આવેલ છે, જેથી વંચાણે લીધેલ ક્રમ નં. ૩ના પત્રની તારીખ બાદ ઉપરોક્ત એજન્સીને કોઈપણ પ્રકારની નવી કામગીરી સોંપવી નહીં તેમજ, આ એજન્સી દ્વારા સંતોષકારક રીતે પૂર્ણ કરવામાં આવેલ કામગીરીઓની **સિક્યોરિટી ડિપોઝિટ**ની જમાં રહેલ રકમ નિયમોનુસાર છુટી કરવાની રહેશે.

**સીવીલ કામગીરીના વાર્ષિક ભાવ કરાર કરવાની કામગીરી અર્થે નવી ટેન્ડર પ્રકિયા હાથ ધરેલ છે.**

જા.નં.નકૃયુ/કાઇ/બી-૩/ARC/૩૨૬૪ /૨૦૨૬
નવસારી તા.૦૭/૦૭/૨૦૨૬

**કાર્યપાલક ઈજનેર**
**નવસારી કૃષિ યુનિવર્સિટી**
**નવસારી**

**નકલ સવિનય રવાના :**
યુનિવર્સિટીના તમામ યુનિટ/સબ યુનિટના વડાશ્રીઓ તરફ જાણ સારુ.

D:\Sanjay Rabari\ARC CIVIL AND ELECTRICAL, FURNITURE 2025-26\ARC CIVIL 2025-26\ARC Civil Cancel Work 2026-27\ARC Cancel Paripatra.docx

NAVSARI AGRICULTURAL UNIVERSITY

# કાર્યપાલક ઇજનેરશ્રીની કચેરી
# નવસારી કૃષિ યુનિવર્સિટી
# નવસારી, ગુજરાત-૩૯૬૪૫૦

ડૉ. વિપુલ શિંદે
કાર્યપાલક ઇજનેર

Email : ee@nau.in

જા.નં.નકૃયુ/કાઇ/બી-૩/ARC/ ૨૫૦૩ ૨૫૧૦ /૨૦૨૬ નવસારી તા.૦૬/૦૭/૨૦૨૬

પ્રતિ,

**Yonesh B. Mangroliya,**
**30, Krushnakunj Society,**
**Opp. Varacha Bank,**
**Punagam, Yogichowk**
**Surat-395010 Email : yonesh.mangroliya@gmail.com**
**Mo. 95865 24271**

વિષય : **Annual rate contract for different type of Civil works at all centers of Navsari Agricultural University**ની કામગીરી માંથી છુટા કરવા બાબત..

સંદર્ભ :
૧. અત્રેની કચેરીની નિવિદા નં. ૦૨/૨૦૨૫-૨૬ Tender ID No-213555
૨.આપશ્રીના તા.૧૦/૦૯/૨૦૨૫નો ઇમેઇલ મારફત મળેલ પત્ર
૩. યુનિવર્સિટી કક્ષાની ૬૨મી બાંધકામ સમિતીની બેઠકના મુદ્દા નં. ૬૨.૧૪થી મળેલ મંજુરી
૪. અત્રેની કચેરીના સ્વીકૃતિપત્ર જા.નં.નકૃયુ/કાઇ/બી-૩/૩૧૯૦-૩૧૯૬/૨૦૨૫ તા.૨૯/૧૦/૨૦૨૫
૫. આપશ્રીના તા.૦૩/૧૧/૨૦૨૫ નો પત્ર
૬. કરારનામા નં. ૦૬ / ૨૦૨૫-૨૬
૭. અત્રેની કચેરીના ભાવ મંજૂર કર્યા અંગેના પત્ર જા.નં. નકૃયુ/કાઇ/બી-૩/એઆરસી/૩૨૫૯-૬૫/૨૦૨૫ તા.૦૩/૧૧/૨૦૨૫
૮. આપના તા.૨૨/૦૬/૨૦૨૬ના પત્રની રજુઆત
૯. તા.૨૪/૦૬/૨૦૨૬થી બાંધકામ સમિતીની મળેલ મંજુરી

**શ્રીમાન,**

જય ભારત સહ જણાવવાનું કે, અત્રેની કચેરીની નિવિદા નં. ૦૨/૨૦૨૫-૨૬ (ટેન્ડર આઈ.ડી. નં. 213555) અન્વયે નવસારી કૃષિ યુનિવર્સિટીના કાર્યક્ષેત્ર હેઠળના કુલ ૦૭ (નવસારી, સુરત, ભરૂચ, નર્મદા, વલસાડ, તાપી અને ડાંગ) જિલ્લાઓમાં આવેલ વિવિધ કચેરીઓમાં રૂા. ૨૦.૦૦ લાખની મર્યાદામાં **ALL TYPE OF MAINTENANCE AND REPAIRING WORK (GROUP-1)** તથા **ALL TYPE OF NEW CIVIL WORKS (GROUP-2)** ની કામગીરીઓ હાથ ધરવા માટે મંગાવેલ ભાવો પૈકી સૌથી નીચા ભાવો આપના હોવાથી ટેન્ડરની શરતો અને જોગવાઈઓને આધીન આપના તરફથી ઓફર થયેલ ભાવો આગામી તા. ૩૧/૦૩/૨૦૨૭ સુધી સંદર્ભિત ક્રમ નં. ૭ થી મંજૂર કરવામાં આવેલ હતા.

સંદર્ભિત ક્રમ નં. ૮ ની આપની રજૂઆત અન્વયે, સક્ષમકક્ષાએથી મળેલ મંજુરીને આધિન નીચે દર્શાવેલ શરતોને આધીન આપને ઉપરોક્ત વાર્ષિક ભાવ કરાર **(Annual Rate Contract)** ની કામગીરીમાંથી છુટા/મુકત કરવામાં આવે છે.

(૧) મંજૂર થયેલ ભાવોના આધારે અત્રેની કચેરી તથા યુનિવર્સિટીના વિવિધ વિભાગો દ્વારા આપને સોંપવામાં આવેલ અને હાલ પ્રગતિમાં રહેલ તમામ કામગીરી ટેન્ડરની શરતો અને જોગવાઈઓ મુજબ પૂર્ણ કરવાની રહેશે. તેમજ પૂર્ણ થયેલ કામગીરીના સિક્યોરિટી/ડિફેક્ટ લાયબિલિટી (Performance/Defect Liability) સમયગાળા દરમિયાન ઉદ્ભવતી કોઈપણ ક્ષતિનું યોગ્ય રીતે નિરાકરણ કરવાનું રહેશે. આમ કરવામાં નિષ્ફળ જશો તો સંબંધિત કામગીરી માટે જમા કરાવેલ સિક્યોરિટી ડિપોઝિટ જપ્ત કરવાની કાર્યવાહી કરવામાં આવશે.

(૨) આ ટેન્ડર માટે આપ દ્વારા ઇ.એમ.ડી. તરીકે જમા કરાવેલ તથા ટેન્ડર સિક્યોરિટી ડિપોઝિટ તરીકે પરિવર્તિત થયેલ **રૂા. ૨,૦૦,૦૦૦/- (અંકે રૂપિયા બે લાખ પુરા)**, જે અત્રેની કચેરીની **રસીદ નં. ૯૧૯, તા. ૦૪/૦૯/૨૦૨૫** મુજબ જમા લેવામાં આવેલ હતી, તે રકમ ટેન્ડરની શરતો મુજબ **જપ્ત (Forfeit)** કરી યુનિવર્સિટીના ખાતે જમા લેવામાં આવે છે જેથી તેના રીફંડ માટે કોઇ હકકદાવો કરી શકાશે નહી.

(૩) આ પત્રની તારીખથી આગામી **૦૨(બે) વર્ષ** સુધી આપને નવસારી કૃષિ યુનિવર્સિટી દ્વારા બહાર પાડવામાં આવનાર **Annual Rate Contract (Civil)** સંબંધિત ટેન્ડરોમાં ભાગ લેવા માટે આપની એજન્સીને અયોગ્ય/પ્રતિબંધિત જાહેર કરવામાં આવેલ છે.

**કાર્યપાલક ઇજનેર**

**નકલ સવિનય રવાના :**

૧. સંશોધન નિયામકશ્રી, નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારી તરફ જાણ સારુ.
૨. કુલસચિવશ્રી, નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારી તરફ જાણ સારુ.
૩. વિસ્તરણ શિક્ષણ નિયામકશ્રી, નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારી તરફ જાણ સારુ.
૪. હિસાબ નિયામકશ્રી, નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારી તરફ જાણ સારુ.
૫. માન.કુલપતિશ્રીના રહસ્ય સચિવશ્રી, નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારી તરફ જાણ સારુ.
૬. વહીવટી-વ-હિસાબી અધિકારીશ્રી, નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારી તરફ જાણ સારુ.

**નકલ રવાના :**

અત્રેની કચેરીના બી-૨ ટેબલ તરફ જાણ સારુ.